# પ્રસાર શિક્ષણ ભવન

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

---

## પરિપત્ર

ADG, ICAR ના તા: ૨૩.૯.૨૦૧૫ ના પત્ર નં. એફ. : ૨૭ (૬) / ૨૦૧૪-CDN(Tech) માં ૨૫.૦૯.૨૦૧૫ થી ૧૧.૧૦.૨૦૧૫ દરમિયાન 'સ્વચ્છ ભારત મિશન' ને સફળ બનાવવા માટેનું અભિયાન હાથ ધરવા જણાવેલ છે. આથી, માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર નીચેની વિગતે કામગીરી દરેક યુનિટ કક્ષાએકરવાની રહેશે.

૧. દરેક યુનિટ કક્ષાએ જે તે યુનિટ વડાને ત્રણ સભ્યોની સમિતિ રચવા માટે જણાવીએ. સદર સમિતિ 'સ્વચ્છ ભારત મિશન'ને સફળ બનાવવા નીચેની કામગીરી અસરકારક રીતે થાય તેનું ધ્યાન રાખશે.

૨. યુનિટના દરેક સભ્યોએ પરિસર સ્વચ્છ રાખવા આ અભિયાનમાં ભાગ લેવો અને શ્રમદાન કરવું.

૩. યુનિટ / ડિપાર્ટમેન્ટ કક્ષાએ ઓછી સ્વચ્છ જણાતી ત્રણ જગ્યાઓ નક્કી કરવી અને તેને સ્વચ્છ કરવી. સ્વચ્છતાં કર્યા પહેલા અને પછીના ફોટોગ્રાફ યોગ્ય કેપ્સન સાથે તા: ૨૬.૧૦.૨૦૧૫ સુધીમાં eei@aau.in માં મોકલી આપવા.

૪. બિનઉપયોગી ફાઈલો અને ડેડસ્ટોક વસ્તુઓ નિયમાનુસાર રદ બાતલ કરવાની કાર્યવાહી કરવી.

૫. જૂની ફાઈલો અને ડેડસ્ટોક વસ્તુઓનું યોગ્ય વર્ગીકરણ કરી, તેનું લિસ્ટ બનાવી દફતર વર્ગીકરણના નિયમાનુસાર કાર્યવાહી કરવી.

૬. પરિસર રોજે રોજ સ્વચ્છ રહે, તે માટે જરૂર જણાયે તો વધારાની કચરાપેટીઓ મુકી, તેના નિકાલની વ્યવસ્થા ગોઠવવી.

૭. હોસ્ટેલ રેક્ટરોએ હોસ્ટેલ પરિસર સ્વચ્છ રહે એ માટે વિદ્યાર્થીઓના શ્રમદાનનો ઉપયોગ કરી હોસ્ટેલ પરિસર અને તેની આસપાસનો ભાગ સ્વચ્છ બનાવવો.

૮. યુનિટ કક્ષાએ બનાવેલી સમિતિએ તેમના યુનિટના અધિકારીઓ / કર્મચારીઓ / રોજમદારો / વિદ્યાર્થીઓને કચરો ગમે ત્યાં ન ફેકવાં માટે સમજાવવાં, જેથી પરિસર આપોઆપ જ સ્વચ્છ રહેશે.

૯. કાર્યપાલક ઈજનેરશ્રી ડિગ્રેડેબલ અને અનડિગ્રેડેબલ કચરો અલગ અલગ એકઠો કરવાની અને તેના યોગ્ય નિકાલની વ્યવસ્થા ગોઠવવી.

૧૦. કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા ક્વાર્ટ્સની જુદી જુદી કક્ષાની ત્રણ ત્રણ સભ્યોની સમિતિ બનાવવી અને ક્વાર્ટ્સ અને તેની આસપાસના પરિસરને સ્વચ્છ રાખવાની કામગીરી સમિતિ મારફત હાથ ધરાવવી.

૧૧. સિક્યુરિટી કર્મચારીઓએ કેમ્પસ પરિસર સ્વચ્છ રહે તેનું ધ્યાન રાખવું અને જરૂર જણાય તો ઉપરી અધિકારીનું ધ્યાન દોરવું.

૧૨. કાયમી / રોજમદાર ડ્રાઈવરોએ તેમના વાહનની બહારથી અને અંદરથી રોજેરોજ સાફ સફાઈ કરવી.

૧૩. પાણી પીવાના સ્થળે એટેલે કે, વોટર કુલર, એકવાગાર્ડની આસપાસ સહેજ પણ ગંદુ ન રહે તેનું ખાસ ધ્યાન રાખવું. તેનાથી ડેન્ગ્યુ થવાનો ભય રહેલો છે.

૧૪. કેમ્પસમાં કચરાના નિકાલ માટે કચરો સળગાવવો નહીં.

નિયામક

નં. આકૃયુ/ ઈઈઆઈ/ સ્વચ્છ ભારત મિશન/**૩૫૨૫**/૨૦૧૫
તા: ૬.૧૦.૨૦૧૫